
P : 13-15

# આદિત્ય કિરણ

થીમ આધારિત
એકમાત્ર શૈક્ષણિક
મેગેઝિન

ISSN 0974-4657
વર્ષ : 12 ▪ અંક : 10
જાન્યુઆરી, 2017
કિંમત : ₹ 25/-
તંત્રી : ડૉ. હર્ષદ એ. પટેલ

સોશિયલ નેટવર્ક સાઈટ અને શિક્ષણ
Page - 30-31



# નું
# કમ્પ્યૂટર ? શિક્ષણ
# દ્વારા

190

આદિત્ય કિરણ
Volume:12 Issue: 10

*વિશ્વમાં એક જ વસ્તુ નથી બદલાતી તે છે પરિવર્તન*

**સંપાદન**
ડૉ. હર્ષદ એ. પટેલ
**સંપાદન સહયોગ**
જ્યોતિ દવે
**ટાઇટલ/લે-આઉટ**
આર. પટેલ
**કંપોઝ**
દિવ્યેશ ત્રિવેદી

**Printed,Published & Edited by**
Harshadkumar A Patel
**on behalf of :**
CHANDAN EDUCATION TRUST
157/1880, Pratiksha Appartment,
Sola road, Naranpura,
Ahmedabad 380063
**Printed at :**
UNIQUE OFFSET
NOVATSING RUPRAM ESTATE
OPP ABHAY ESTATE TAVDIPURA,
SHAHIBAUG AHMEDABAD - 380004
**Editor** Harshadkumar A Patel
**Owner** CHANDAN EDUCATION TRUST

**વર્ષ : ૧૨ અંક : ૧૦**
પ્રકાશિત **તા. ૧-૧-૨૦૧૭**

**વાર્ષિક : રૂા. ૪૦૦**
આ અંકની કિંમત રૂા. ૨૫
લવાજમની રકમ **"ક્ષિતિ પબ્લિકેશન"**ના નામે ચેક/ડ્રાફ્ટથી મોકલી શકાશે.

૩૫, સહજ પેરેડાઇઝ,
ફોક્સ વેગન શોરૂમની પાછળ, આસ્થા બંગલોઝની સામે, સોલા ઓવરબ્રીજ પાસે,
સોલા, અમદાવાદ -૩૮૦૦૬૦

# આ અંકમાં



**સંપાદકીય** - ડૉ. હર્ષદ એ. પટેલ **૫**

**કમ્પ્યૂટર - એક શિક્ષક** - ડૉ. વર્ષા પ્રજાપતિ **૬**

**ચૈતન્ય** શ્રી દિનેશ માંકડ **૮**

**કમ્પ્યૂટરને સાધકપ્રિય પ્રિય બનાવીએ** - ડૉ. ગૌરાંગ જાની **૧૦**

**શિક્ષણઃ રિઅલ વર્લ્ડ V/S વર્ચ્યુઅલ વર્લ્ડ** - ડૉ. મીતા થાનકી **૧૨**

**કમ્પ્યૂટર આવનારું ભવિષ્ય છે** શ્રી વિજયસિંહ ઘરીઆ **૧૪**

**'કમ્પ્યૂટર શિક્ષણ' વિષયનું કમ્પ્યૂટર આધારિત મૂલ્યાંકન** - ડૉ. પારૂલ દવે **૧૬**

**એક સફરઃ e સાક્ષરતા સુધીની** - ડૉ. ઋચા શાહ **૧૮**

**કમ્પ્યૂટર- શિક્ષકનું પૂરક કે વિકલ્પ ?** - ડૉ. બિપીન સાવલિયા **૨૦**

**કમ્પ્યૂટર દ્વારા શિક્ષણ** - રિધ્ધિ પટેલ **૨૪**

**સ્માર્ટ કલાસની સંકલ્પના** - શ્રી કિરણ પટેલ **૨૫**

**ટેકનોલોજી આશીર્વાદ કે અભિશાપ !** - ડૉ. ઊર્મિલા શાહ **૨૭**

**કમ્પ્યૂટર શિક્ષણ** - શ્રી ચિરાગ ભટ્ટ **૨૯**

**સોશિયલ નેટવર્ક સાઈટ અને શિક્ષણ** - ડૉ. વીરલ જાદવ **૩૦**

**સુખનું ઝરણું અને દુઃખનો દરિયો** - શ્રી રણછોડ શાહ **૩૨**

**Tech-ટેકનિક** - શ્રી તેજસ ઠક્કર **૩૪**

**રીલ રીવ્યૂ** - શ્રી હરેશ ધોળકિયા **૩૬**

**ખુલ્લી આંખે સજળ નેત્રે** - શ્રી જ્યોતિ દવે **૪૦**

**પુસ્તક સમીક્ષા** - શ્રી જ્યોતિ દવે **૪૨**



191




ડૉ. વીરલ જાદવ
(૯૦૩૩૨૨૮૮૫૫)


# સોશિયલ નેટવર્ક સાઈટ અને શિક્ષણ

ઈન્ટરનેટ આધારિત સામાજિક આંતરક્રિયાનો ઈતિહાસ ઘણો જૂનો છે. ૧૯૬૦માં ઈન્ટરનેટનો ઉપયોગ ARPANET દ્વારા શરુ થયો પરંતુ વ્યાપારિક ધોરણે તેનો ઉપયોગ ૧૯૮૦થી થયો. શરૂઆતમાં પ્રત્યાયન માટે ઈન્ટરનેટ થકી ઈ મેઈલની સુવિધા શરુ થઇ અને વર્લ્ડ વાઈડ વેબના વિકાસ સાથે સોશિયલ નેટવર્ક સાઈટસની પણ શરૂઆત થઇ.

સોશિયલ મિડિયા સાઈટ એટલે એવી વેબસાઈટ કે જે વ્યક્તિને નિયત માળખામાં પોતાનું જાહેર કે અર્ધ જાહેર પ્રોફાઈલ બનાવવાની, આ વેબસાઈટના અન્ય ઉપયોગ કર્તા સાથે જોડાવાની અને લેખિત સંદેશ, વિચાર, ચિત્રો, ફોટોગ્રાફ, વિડીયો કે અન્ય સ્વરૂપે માહિતીનું આદાન પ્રદાન કરવાની તક આપે છે. અલગ અલગ વેબસાઈટનું માળખું અલગ હોય છે, પરંતુ ઉપરોક્ત લક્ષણો સામાન્ય હોય છે. સોશિયલ મિડિયા સાઈટની એ ખાસિયત છે કે તેનું વિષયવસ્તુ ઉપયોગકર્તા દ્વારા રચાયેલું હોય છે.

સૌ પ્રથમ સોશિયલ મિડિયા સાઈટ કે જેમાં વ્યક્તિને પોતાની પ્રોફાઈલ બનાવવાની, મિત્રો શોધવાની અને તેમની સાથે જોડાવાની સુવિધા પ્રાપ્ત થતી હોય તે Sixdegrees.com હતી જેની રચના ૧૯૯૭માં કરવામાં આવી હતી. આ પહેલા પણ કેટલીક સોશિયલ મિડિયા સાઈટસ હતી પરંતુ તેમાં ઉપરોક્ત ત્રણેય સુવિધાઓ ઉપલબ્ધ ન હતી. જેમકે ૧૯૯૫ માં Classmate.com નામની વેબસાઈટમાં પોતાના સહાધ્યાયીઓ સાથે આંતરક્રિયાની તક હતી પરંતુ તેમાં વ્યક્તિ પોતાની પ્રોફાઈલ બનાવી શકતી ન હતી. તેની સુવિધા ઘણા વર્ષો પછી ઉમેરાઈ. ત્યારબાદ ૧૯૯૯ માં Live journal, Asian Avenue, Black Planet નામની સોશિયલ મિડિયા સાઈટ આવી, ૨૦૦૦ માં Lunar storm, Migente, જેવી નવી વેબસાઈટ રચાઈ. આજ વર્ષે Sixdegrees.com વેબસાઈટ આર્થિક રીતે મજબૂત ન બની શકવાને લીધે બંધ થઈ ગઈ. ૨૦૦૧ માં Cy world, Ryze, ૨૦૦૨માં Fotolog, Friendster,Skyblog , ૨૦૦૩ માં LinkedIn અને My space, ૨૦૦૪માં Facebook(Havard only), ૨૦૦૫માં Youtube, ૨૦૦૬માં Facebook for everyone, અને twitter સ્થપાઈ.

કૂતરાઓ માટે Dogster અને બિલાડીઓ માટે catster નામની સોશિયલ મિડિયા સાઈટસ છે જે તેમના માલિક દ્વારા ચલાવવામાં આવે છે.

સોશિયલ મિડિયા સાઈટનો મુખ્ય ઉદ્દેશ્ય સામાજિક આંતરક્રિયાનો છે. વિશાળ જન સમુદાય સુધી ત્વરિત સંદેશો પહોચાડવાની તેની તાકાતને લીધે આજે તેનો વ્યાપ ઘણો વધ્યો છે. લોકો આ સુવિધાનો ઉપયોગ માર્કેટિંગ, ઉત્પાદનોની જાહેરાત, ઉપભોક્તાઓ સાથેના સંબંધોની જાળવણી, વ્યાપાર, રાજકીય પ્રવૃત્તિઓ માટે અને નાગરિક જાગરૂકતા માટે થઇ રહ્યો છે. સાચી માહિતીની સાથે સાથે અફવાઓનો ફેલાવો પણ આવી સાઈટ દ્વારા ખૂબ ઝડપથી થાય છે.

સોશિયલ મિડિયા સાઈટના ઉપયોગના ફાયદા તેમજ ગેરફાયદા બન્ને છે. પરંતુ જો સમજદારીપૂર્વક વિવેક બુદ્ધિથી તેનો ઉપયોગ કરવામાં આવે તો તે ઘણું લાભદાયક બની શકે છે અને તેની સામે cyber bulling, Online Harassment, Depressïon જેવા જોખમો પણ છે.

સોશિયલ મિડિયા સાઈટના વર્ગખંડોમાં ઉપયોગ બાબતે બે મત છે. એક મત તેના ઉપયોગને યોગ્ય ગણે છે તો બીજા મત અનુસાર તેના ઉપયોગથી વિદ્યાર્થીઓના અભ્યાસ પર વિપરીત અસર પડી શકે છે.

વિદ્યાર્થીઓએ સોશિયલ મિડિયા સાઈટ પર કેવી માહિતી પોસ્ટ કરવી, કઈ માહિતી તેની કારકિર્દીને નુકસાન પહોચાડી શકે છે તે અંગે તેઓમાં પૂરતી ગંભીરતા હોતી નથી. પ્રોફાઈલ હેક થવી, હતાશા થવી, ઓનલાઈન માનસિક ત્રાસ થવો જેવી સમસ્યાઓ ઉભી થઇ શકે છે.



192

**વિદ્યાર્થીઓને સૂચના આપવા માટે, ગૃહકાર્ય આપવા માટે, પરિણામની જાણ કરવા માટે, અગત્યનો સંદેશ ત્વરિત પહોચાડવા માટે, વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપવા માટે, તેમની મૂંઝવણના ઉકેલ માટે, શિક્ષણ સંબંધિત વિડીયો,એનીમેશન, ફોટોગ્રાફ,ચિત્રો, પ્રશ્નબેંક વગેરે વિદ્યાર્થીઓને સરળતાથી પહોચાડવા માટે સોશિયલ મિડિયાનો અસરકારક ઉપયોગ થઇ શકે છે.**

વિશેષમાં તેમનું ધ્યાન અભ્યાસેત્તર બાબતો પર વધુ જાય તેની સંભાવનાઓ રહેલી છે. સતત ઈન્ટરનેટનું વળગણ આભાસી મિત્રોની સંખ્યા વધારે છે પણ વાસ્તવિક મિત્રોની સંખ્યા ઘટતી જાય છે. તેનામાં સામાજિકતા ઘટતી જાય છે. કુદરતના સાનિધ્યમાં રમવાથી જે સર્વાંગીણ વિકાસ થાય છે તેની ઉણપ રહી જાય છે.

સોશિયલ મિડિયા સાઈટના ઉપયોગથી થતી હાનિકારક અસરો છતાં એ વાસ્તવિકતા છે કે આજે મોટાભાગના વિદ્યાર્થીઓ કોઈ ને કોઈ સોશિયલ મિડિયા સાઈટ પર પોતાનું પ્રોફાઈલ ધરાવે છે અને તેનો નિયમિત ઉપયોગ કરે છે. આ પરિસ્થિતિને આપણે ટાળી શકીએ તેમ નથી. તો પછી તેનો હકારાત્મક ઉપયોગ થાય તે માટેના પ્રયત્નો શા માટે ન કરવા.

આજે જે રીતે વિદ્યાર્થીઓમાં સોશિયલ મિડિયા સાઈટનો ઉપયોગ વધ્યો છે તે જોતા વિદ્યાર્થીઓ સુધી સંદેશ પહોચાડવાનો તે અસરકારક રસ્તો છે. વિદ્યાર્થીઓને સૂચના આપવા માટે, ગૃહકાર્ય આપવા માટે, પરિણામની જાણ કરવા માટે, અગત્યનો સંદેશ ત્વરિત પહોચાડવા માટે, વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપવા માટે, તેમની મૂંઝવણના ઉકેલ માટે, શિક્ષણ સંબંધિત વિડીયો,એનીમેશન, ફોટોગ્રાફ,ચિત્રો, પ્રશ્નબેંક વગેરે વિદ્યાર્થીઓને સરળતાથી પહોચાડવા માટે સોશિયલ મિડિયાનો અસરકારક ઉપયોગ થઇ શકે છે. ઓનલાઈન શિક્ષણ માટે પણ તેનો ઉપયોગ થઇ શકે છે.

તે વાલીઓ સાથે સંપર્કમાં રહેવાનો શ્રેષ્ઠ ઉપાય છે. અને પ્રત્યેક બાબતોની જાણ ત્વરિત કરી શકાય છે. શિક્ષક પોતાના પ્રોફાઈલ દ્વારા વિશ્વભરના તજજ્ઞો સાથે જોડાઈને તેમના જ્ઞાનનો લાભ લઇ વિદ્યાર્થીઓને આપી શકે છે. નવી નવી તકનીકોથી પરિચિત રહી શકાય છે. આમ, સોસિયલ મિડિયા સાઈટનો ઉચિત ઉપયોગ શિક્ષણની અસરકારકતા વધારી શકે છે.


# અચૂક વસાવો

**વ્યાવસાયિક સફળતા અને કાર્ય યોજનામાં અધિક સિદ્ધિ માટેના ચાવીરૂપ મુદાઓની છણાવટ કરતું શ્રી નંદક પંડયા લિખિત બે પુસ્તકો 'અપેક્ષાથી અધિક' અને 'Service Beyond Expectation'**




**પ્રત્યેકની કિંમત : રૂા. ૧૨૦**

**ક્ષિતિ પબ્લિકેશન**

૩૫, સહજ પેરેડાઇઝ,
ફોક્સ વેગન શોરૂમની પાછળ, આસ્થા બંગ્લોઝની સામે,
સોલા ઓવરબ્રીજ પાસે, સોલા, અમદાવાદ -૩૮૦૦૬૦.
ફોન : ૯૪૨૬૦ ૧૫૩૯૭